નં.–ઈલેક/ઈવીએમ/પરિવહન/૧૭

કલેકટર કચેરી, ચૂંટણી શાખા,
જિલ્લા સેવા સદન, જામટાવર સામે,
શ્રોફ રોડ, રાજકોટ. તા. ૧૪/૭/૨૦૧૭

વિષય :– ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૧૭
ઈવીએમ ટ્રાન્સપોર્ટેશનનો વર્કઓર્ડર.

વંચાણ :– (૧) સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર નં.–ઈવીએમ–૧૦૨૦૧૭–છ, તા.૧/૭/૨૦૧૭
(૨)અત્રેની કચેરીના પત્ર નં.– ઈલેક–ઈવીએમ–ટૂં.મૂ.નિવિદા–૨૦૧૭, તા.૩/૪/૨૦૧૭

વર્ક ઓર્ડર ::

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાત રાજયની આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત સંદર્ભ–૧ તળેના પત્ર અનુસંધાને સંદર્ભ–૨ તળેના પત્રથી અત્રેથી અન્ય રાજયો માંથી ઈવીએમ (બીયુ, સીયુ) લાવવા માટે બહાર પાડવામાં આવેલ ટૂંકી મુદાતની નિવિદા બાદ સમય મર્યાદામાં રજૂ થયેલ ટેન્ડરો, ટેન્ડરીગ કમિટી સમક્ષ તા.૧૩/૭/૨૦૧૭ના રોજ ખોલવામાં આવતા વેન્ડર્સ તરફથી નીચેની વિગતે ભાવ નકકી થઈ આવેલ છે.

| ક્રમ | રાજયનુ નામ | એક વાહનનુ ભાડુ પ્રતિ કી.મી. | | | લોડીગ – અનલોડીગનો ભાવ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. | આશુ રોડલાઈન્સ | આશુ મૂવર્સ એન્ડ પેકર્સ | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. | આશુ રોડલાઈન્સ | આશુ મૂવર્સ એન્ડ પેકર્સ |
| ૧. | પંજાબ | **73** | **87** | **85** | **26,000** | **32,000** | **33,000** |
| ૨. | ઉત્તર પ્રદેશ | **68** | **89** | **78** | **16,000** | **30,000** | **25,000** |

ઉકત વિગતે રજૂ થયેલ ટેન્ડરો પૈકી આશુ લોજિસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. ના ભાવ સૌથી ઓછા જણાઈ આવતા સદરહુ વેન્ડર સાથે ભાવો અંગે નીગોશીએશન થયા બાદ નીચે મુજબના ભાવો રજૂ થયેલ છે.

| ક્રમ | રાજયનુ નામ | એક વાહનનુ ભાડુ પ્રતિ કી.મી.રૂા. | | | લોડીગ – અનલોડીગનો ભાવ રૂા. | | |
|---|---|---|---|---|---|---|---|
| | | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. (ટેન્ડર મુજબના ભાવ) | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. (નિગોશીએશન બાદના ભાવ) | તફાવત | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. (ટેન્ડર મુજબના ભાવ) | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. (નિગોશીએશન બાદના ભાવ) | તફાવત |
| ૧. | પંજાબ | **73** | **70** | **3** | **26,000** | **21,000** | **5,000** |
| ૨. | ઉત્તર પ્રદેશ | **68** | **65** | **3** | **16,000** | **11,000** | **5,000** |

આમ, રજૂ થયેલ તમામ ટેન્ડરોના ભાવની તુલના તથા નિગોશીએશન કરતા આશુ લોજિસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. ના ભાવ સૌથી નીચા હોય, ઈવીએમ ટ્રાન્સપોર્ટેશનનો વર્કઓર્ડર નીચેની શરતોને આધીન આશુ લોજિસટીક એન્ડ પેકેજિંગ પ્રા. લિ. ને આપવામાં આવે છે. આ વર્કઓર્ડર મુજબના ભાવ આ હુકમ થયાની તારીખથી એક વર્ષ સુધી માન્ય રહેશે.

શરતો :–

૧) વાહનના ભાવમાં અન્ય તમામ કરવેરાનો સમાવેશ થયેલો ગણાશે. એટલે કે કોઈપણ સ્થળ ઉપર ભરવા પડતા વેરા, દંડ, ટેક્ષની રકમ અલગથી આકરવાની રહેશે નહી. તેમજ વાહનમાં ઉભી થતી યાંત્રિક ખામી અંગેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૨) ઈવીએમ લેવા માટે અત્રેથી નિમણૂંક પામેલા અધિકારીના નિયંત્રણ હેઠળ જ આ વાહનોએ મુવમેન્ટ કરવાની રહેશે. એટલે કે સંબંધિત અધિકારી તે વાહન કે વાહનોની સાથે જ રહેશે. ડ્રાઈવર પોતાની મરજી મુજબ કે મનસુફીનો રુટ નકકી કરીને ચાલી શકશે નહી.

૩) વાહન ડ્રાઈવરનો સંપૂર્ણ ખર્ચ કોન્ટ્રાકટર લેનારે ભોગવવાનો રહેશે. એટલે કે સાથે આવતા અધિકારી કે કર્મચારીએ ડ્રાઈવરો અને કલીનરોના રહેવા જમવાની વ્યવસ્થા જોવાની રહેશે નહી કે તે બાબતે ચુકવણું કરવાનું રહેશે નહી.

૪) તમામ વાહનો ઉપર જીપીએસ લગાવવાના રહેશે.

૫) બંધ બોડીના ટ્રકને દરવાજા હોવા જરૂરી છે. એટલે કે તેનું સીલીગ થઈ શકે તેવા પ્રકારના દરવાજા વાળા વાહનો પુરા પાડવાના રહેશે.

૬) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, રાજકોટ દ્વારા લેવામાં આવેલ નિર્ણય આખરી ગણાશે.

૭) વેન્ડર કોઈ પણ રાજકીય પક્ષના સભ્ય અથવા પક્ષ સાથે કોઈ પણ પ્રકારે જોડાણ અથવા કોઈ પણ રાજકીય પક્ષ કે ચૂંટણી લડતા ઉમેદવાર સાથે હિત સંબંધ ધરાવનાર હોવા જોઈએ નહી.

૮) **કરાર ખત ::**

વેન્ડરે ભાવ મંજૂરીનો વર્ક ઓર્ડર મળ્યે તુરત જ અત્રેથી જણાવવામાં આવેલ તેવા પ્રકારનું કરારખત કરી આપવનું રહેશે. આ કરારખત કરી આપવા અંગે મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ – ૧૯૫૮ અને તે હેઠળના નિયમો અનુસાર નિયત દર મુજબ સ્ટેમ્પ ડયુટી વેન્ડરે ભોગવવાની રહેશે.

૯) **વિવાદ :**

આ કામના હુકમ / કરાર બાબતે કોઈપણ વિવાદ અને કાનુની ગૂંચ ઉદભવે તો તે અંગેની બાબતનો કાર્યક્ષેત્ર રાજકોટ ન્યાયલય રહેશે.

૧૦) ઈન્શ્યોરન્સ અને ડીટેન્શન ચાર્જ ની જવાબદારી વેન્ડરની રહેશે.

૧૧) ચૂકવણીની શરતો

(૧૧.૧) પૂરી પાડેલ સેવાના બીલો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, રાજકોટના નામે બનાવી રજૂ કરવાના રહેશે.

(૧૧.૨) બીલો ની ચૂકવણી નિયત દરે ટી.ડી.એસ. કપાત કરી બાકીની રકમ "એકાઉન્ટ પે" ના ચેકથી કરવામાં આવશે.

(૧૧.૩) વેન્ડર કોઈ કમાગીરીમાં નિષ્ફળ ગયા હોય અથવા કોઈ શરતનો ભંગ થયેલ હોય, તો તે અન્વયેના શિક્ષાત્મક પગલાને આધિન દંડ વગેરેની રકમ બીલની રકમ માંથી વસુલવામાં આવશે.

(૧૧.૪) બીલોની ચૂકવણી ગ્રાન્ટની ઉપલબ્ધી થયે કરવામાં આવશે.

(૧૧.૫) નિયમાનુસાર ભરવા પાત્ર તમામ પ્રકારના ટેકસ વેન્ડરે ભરવાના રહેશે.

| | |
|---|---|
| રવાના કર્યુ | સહી /– (ડૉ. વિક્રાંત પાંડે) |
| | કલેકટર અને |
| નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી | જિલ્લા ચૂંટણી અધિકારી |
| રાજકોટ | રાજકોટ |

પ્રતિ,
આશુ લોજિસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ.
ગૌહાટી – આસામ.

**નકલ રવાના ::**
(૧) ચૂંટણી અધિકારી / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી ...... તમામ
(૨) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, રાજકોટ
(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ
(૪) હિસાબી ટેબલ.

**નકલ સવિનય રવાના ::**
મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, સરદાર ભવન,
બ્લોક નં.–૭/૨, નવા સચિવાલય,
ગાંધીનગર.